

# Dhaval G. Shreemali (Former Student)

**Under Secretary Government of Gujarat Currently posted as Officer on Special Duty and Administrative Officer, Gujarat Bhavan, New Delhi**

આદરણીય બિનીતા ટીચર,

મારા અને ખુશ્બુના સાદર પ્રણામ. આપનો પત્ર મળ્યો સાથે આપનો ભાવ અને પ્રેમ પણ. મારા માટે આપે સમય કાઢીને જે પત્ર લખ્યો તેનાથી હું ભાવવિભાર થઈ ગયો છું. મારી પાસે કહેવા કે લખવા શબ્દો નથી. તેમ છતાં મને થયું કે આપનો ઋણ સ્વીકાર કરતો વળતો પત્ર મારે લખવો જ જોઈએ.

સાચુ કહું તો ટીચર આપણી શાળા નારાયણ વિદ્યાલયનો અને શાળાના શિક્ષકોનો મારા ઘડતરમાં ખૂબ મોટો ફાળો છે. મારા જેવા મધ્યમ વર્ગમાંથી આવતા બાળકો માટે નારાયણ વિદ્યાલય એક ઉત્તમ અને આદર્શ શાળા છે. વૃક્ષના મૂળ ઊંડા હોય તો એ ગમે તેટલા વંટોળો–વાવાઝોડાનો સામનો કરી શકે. વિદ્યાર્થીરૂપી વૃક્ષ જયારે છોડ અવસ્થામાં હોય ત્યારે તેને પોષવાનું, ઉછેરવાનું ક્રિટીકલ કામ આપણા શિક્ષકો કરતા હોય છે. જેના પરિણામો સફળતાના ફળરૂપે લાંબાગાળે વિદ્યાર્થીને મળતા હોય છે. વિદ્યાર્થીની સફળતામાં આટલું વિશાળ યોગદાન આપ્યા પછી પણ આપણા શિક્ષકો કોઈપણ પ્રકારના શ્રેયની અપેક્ષા રાખ્યા વગર શિક્ષણસેવામાં લાગેલા રહે છે. એમના માટે વિદ્યાર્થીની સફળતામાં જ પોતાની સફળતા હોય છે.

મારું સ્પષ્ટપણે માનવું છે કે જે મૂલ્યો અને જ્ઞાન વ્યકિત પોતાના જીવનમાં મેળવે છે તે આજીવન તેની સાથે રહે છે. તેમાં પણ શાળાકીય જીવન વિશેષ મહત્વનો ભાગ ભજવે છે. શિક્ષક વિદ્યાર્થીના Core (અંતઃકરણ), Conscience (વિવેકબુધ્ધિ), Calibre (ક્ષમતા) તૈયાર કરવાનું કામ કરે છે. બાકીના જીવનમાં તો વ્યકિત માત્ર પોલીશીંગ અને સંજોગો અનુસાર ઢોળ ચઢાવવાનું કામ કરતો હોય છે. મારા પણ Core, Conscience અને Calibre ઘડવાનો હું આપની શાળાનો આજીવન ઋણી રહીશ.

આપણી શાળાના વિદ્યાર્થીઓને મળીને મને ખૂબ સંતોષ અને ઉમળકાનો અનુભવ થયો. આપ સહુ આદરણીય શિક્ષકો મારા ઘરે પધાર્યા તેનો મને વિશેષ આનંદ છે. હું મારા અંતરથી ચાહું છું કે આપણી શાળાનો દરેક વિદ્યાર્થી માત્ર સફળ જ નહીં શાંત, સરળ અને સંતોષી બને. ભૌતિકવાદી નહીં, પરમાર્થવાદી બને. સ્વમાની, ઉદાર અને પ્રેમાળ બને અને અંતે સારો નાગરિક બને.

સમગ્ર નારાયણ વિદ્યાલય પરિવારનો અંતરના ઊંડાણથી ખુબ ખુબ આભાર...

નારાયણ વિદ્યાલયનો ગૌરવશાળી વિદ્યાર્થી
(ધવલ જી. શ્રીમાળી)

---



## नीतीन टेलर

सर्व हेप्पीनेस फाउन्डेशन NGO

# कर्म, कृष्ण और जीवन की परीक्षा, अनुभव से मिली शाश्वत सीख

हाल ही में मुझे नारायण विधालय, भरुच के वार्षिक सांस्कृतिक उत्सव में आमंत्रित किया गया । लभगग 550 विद्यार्थीओनें भगवान श्रीकृष्ण के जीवन पर आधारित नाटय प्रस्तुतियाँ और नृत्य के माध्यम से अद्धभूत अभिनय किया । हर प्रस्तृति भाव, अनुशासन और सर्मपण से भरपूर थी । कार्यक्रम भाव, अनुशासन और समर्पण से भरपूर थी । कार्यक्रम के अंत मुं मैं स्वयं को रोक नहीं पाया और श्रीकृष्ण की भूमिका निभाने वाले विद्यार्थी को सम्मानित किया । उस क्षण उसकी आँखो में जो खुशी थी, उसने मेरे हृदय को छू लिया । अपने संबोधन में मैंने सभी से कहा कि गीता और श्रीकृष्ण के जीवन से हम यह सीख सकते है कि वास्तविक जीवन की चुनोतियों से कैसे लडना है ।

लेकिन जीवन की लीला देखिए – अगले ही दिन मानों श्रीकृष्ण ने स्वयं मेरी परीक्षा ले ली । अचानक मेरे पिता की तबीयत गंभीर रुप से बिगड गई और मुझे उन्हें तुरंत अस्पताल ले जाकर आईसीयू में भर्ती कराना पडा । कई दिन जीवन और मृत्यु के बीच संघर्ष चलता रहा । उस कठिन समय में मुझे वही शब्द याद आए जो मैंने नारायण विद्यालय के विद्यार्थियों और श्रोताओ से कहे थे – कर्म पर ध्यान दो, परिणाम ईश्वर पे छोड दो ।

लगभग 8 दिनों की अथक महेनत, अच्छे मित्रों के सहयोग और आप सभी की प्रार्थनाओं से मैं अपने पिता का जीवन बचा सका ।

**जीवन की सीख :** मैं हर्मेशा लोगो को आध्यात्मिकता की बात करता हूँ, लेकिन यह अनुभव मुझे सिखा गया कि आध्यात्मिकता केवल बोलने की नहीं, जीने की चीज है । जब हमारे विचार, शब्द और कर्म एक ही दिशा में होते हैं, तब भीतर एक शाश्वत शांति और सच्चा आनंद अनुभव होता है ।